| P G V C L | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ**<br>પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ<br>પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ<br>ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮<br>E-Mail- forumbhuj.pgvcl@gebmail.com |
|---|---|

નં:કેસી/સીજીઆરએએફ-ભુજ/૨૦૧૯ No 114 તારીખ: 21 JUN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
બહાદુરસહી જે જાડેજા,
ગામ- મોટા આસમબીયા,
તા- માંડવી-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૨૬૫૮ ૫૮૯૭૯/૯૮૨૫૦ ૬૩૦૫૮

વિષય:- કેસ નંબર પીજી૦૧/૦૦૬/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૧/૦૦૬/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માંડવી રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/114

તારીખ: 21/06/19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-006-2019-20.

અરજદાર: બહાદુરસિંહ જુવાનસિંહ જાડેજા
ગામ- મોટા આસમબીયા.
તા.માંડવી-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

રજૂઆત કરનાર: (૧) શ્રી એસ.ડી.જોષી., કાર્યવાહક કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
(૨) શ્રી સી.એસ.નાઈ., નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, માંડવી ગ્રામ્ય પેટાવિભાગ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૪/૦૫/૨૦૧૯

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. જેમાં અરજદારશ્રી પોતે તા. ૧૨/૦૪/૨૦૧૯ અને ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૧૨/૦૪/૨૦૧૯ અને તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ.



Scanned by CamScanner

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી બહાદુરસિંહ જે. જાડેજા પીજીવીસીએલ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના તાબા હેઠળ મોટા આસંબિયા ગામ મધ્યે ગ્રાહક નં. ૩૯૮૦૭/૦૦૨૫૫/૯ થી ધરવપરાશનું વીજજોડાણ ધરાવીએ છીએ.અમોને વિજ બીલ વધુ આવતા અરજી કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અમારૂ સરેરાશ ધરવપરાશનું વિજ બીલ રૂપિયા ૬૦૦ થી ૭૦૦ આવે છે પરંતુ અમોને ડીસેમ્બર-૧૮ નું રૂપિયા ૧૨૭૪૬/- નું બીલ આપેલ જે બીલ ઘણું વધારે છે.

૧.3 અરજદારશ્રી અમોને રૂપિયા ૧૨૭૪૬/- નું બીલ આપેલ જે વધારે હોવાથી અમોએ બીલ ભરેલ નહી. જેની સામે અમોને વાધો છે.

૧.૪ અમારા મીટરમાં રીડીંગ બરાબર ન આવતા આમારા દ્વારા મીટર બદલાવવા અંગેની અરજી પેટાવિભાગીય કચેરી ખાતે આપેલ હતી.

૧.૫ અમારું બીલ વધુ આવતા અમોએ મીટર બદલી અંગેની અરજી માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ આપેલ તેમ છતાં પીજીવીસીએલ દ્વારા વધારાનું બીલ મારા ખાતામાં ચડાવી દીધેલ છે, જે અમારા મતે અયોગ્ય છે. તો આ બાબતે સદર બીલ રદ કરવા માટે ન્યાયિક ચુકાદો આપવા અમારી ફોરમ સમક્ષ નમ્ર વિનંતી છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

૨.૦ અરજદારશ્રી બહાદુરસિંહ જે. જાડેજા માંડવી તાલુકાના મોટા આસંબિયા ગામે – માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ધરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૭/૦૦૨૫૫/૯ થી ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી બહાદુરસિંહ જે. જાડેજા દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ ખાતે ધરવપરાશના વીજજોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૭/૦૦૨૫૫/૯ માં બીલ વધારે આવવા બાબત ફરીયાદ કરેલ છે.

૨.૨ અરજદારશ્રીના ધરના વીજજોડાણનું લેજર ચેક કરતા ફેબ્રુઆરી-૨૦૧૮ માં તેમનું ૪૫૮ યુનિટનું, એપ્રીલ-મે-૨૦૧૮ માં ૪૪૭ યુનિટ, જુન-જુલાઈ-૨૦૧૮ માં ૪૫૫ યુનિટનું, ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૮ માં ૪૩૨ યુનિટનું, ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮ માં લોકનું ૪૪૦ યુનિટનું તથા ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ નું ૭૫૬ યુનિટનું બીલ આપેલ છે.

૨.3 વધુમાં અરજદારશ્રીની માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાં કટેલ અરજી તથા રજુઆતના આધારે તેમનું મીટર તારીખ ૧૪.૦૯.૨૦૧૮ ના રોજ બદલવામાં આવેલ તેમ છતાં ગ્રાહકશ્રીના યુનિટના વપરાશમાં કોઈ ફેરફાર જણાયેલ નથી જે માસ ડિસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૯ ના ૭૫૬ યુનિટના બીલ પરથી સ્પષ્ટ જાણી શકાય છે.

૨.૪ અરજદારશ્રીનું મિટર તા. ૧૪.૦૯.૨૦૧૮ ના રોજ બદલાવેલ તથા તે મીટરની લેબમાં ચકાસણી માટે અરજદારશ્રીને રૂબરૂ તા. ૦૯.૧૦.૨૦૧૮, ૧૦.૧૦.૨૦૧૮, ૧૧.૧૦.૨૦૧૮ તથા ૧૨.૦.૧૦.૨૦૧૮ ના નોટીશ આપીને બોલાવેલ પરંતુ અરજદારશ્રી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર ના રહેતા પીજીવીસીએલ ના અધિકારીઓ દ્વારા સદરહુ મીટરની તા. ૨૨.૧૧.૨૦૧૯ ના રોજ ચકાસણી કરેલ. જે લેબ રીપોર્ટ મુજબ ઉપરોક્ત મીટર બરોબર આવેલ છે.



Scanned by CamScanner

૨.૫ અરજદારશ્રીના લેજર તથા લેબ રીપોર્ટ ચેક કરતા તેમના ઘરવપરાશના બીલમાં માસ ફેબ્રુઆરી-માર્ચ- ૨૦૧૮ થી યુનિટના વપરાશમાં વધારો જણાવેલ છે તથા મીટરમાં કોઇપણ જાતની ખામી જણાતી નથી તથા અરજદારશ્રી દ્વારા છેલ્લે તા. ૦૮.૦૩.૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦/- ભરપાઈ કરેલ છે. ત્યારબાદ અરજદારશ્રી દ્વારા બીલની કોઇપણ રકમ ભરપાઈ કરેલ નથી જેના કારણે એરીયર્સ રૂપિયા ૧૪૪૮૩.૩૦ થઈ ગયેલ છે.

## :: હુકમ ::

૩.૦ સદર કેસમાં અરજદારશ્રી બહાદુરસિંહ જે. જાડેજા માંડવી તાલુકાના મોટા આસંબિયા ગામે – માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં. ૩૯૮૦૭/૦૦૨૫૫/૯ થી ધરાવે છે.

૩.૧ અરજદારશ્રી નું એવરેજ બીલ રૂપિયા ૬૦૦/- થી ૭૦૦/- આવતું હતું. જયારે તેમનું બીલ વધારે આવતા માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતે તેમના દ્વારા અરજી તથા રજુઆત કરવામાં આવેલ.

૩.૨ અરજદારશ્રીની અરજી તથા રજુઆતના આધારે તેમનું મિટર તા. ૧૪.૦૯.૨૦૧૮ ના રોજ બદલવામાં આવેલ અને તેઓનું જુનું મિટર પીજીવીસીએલ કચેરી દ્વારા લેબ ચકાસણી કરાવવામાં આપેલ.

૩.૩ અરજદારનું મિટર તા. ૧૪.૦૯.૨૦૧૮ ના રોજ બદલાવેલ તે મિટરની લેબ ચકાસણી માટે રૂબરૂ તા. ૦૯.૧૦.૨૦૧૮, ૧૦.૧૦.૨૦૧૮, ૧૧.૧૦.૨૦૧૮ તથા ૧૨.૧૦.૨૦૧૮ ના નોટિસ આપેલ. પરંતુ અરજદારશ્રી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર ન રહેતા પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા સદરહુ મિટરની તા. ૨૨.૧૧.૨૦૧૯ ના રોજ ચકાસણી કરેલ. જે લેબ રીપોર્ટ મુજબ ઉપરોક્ત મીટર બરોબર આવેલ છે.

૩.૪ અરજદારશ્રીના લેજર તથા લેબ રીપોર્ટ ચેક કરતા તેમના ઘરવપરાશના બીલમાં માસ ફેબ્રુઆરી-માર્ચ- ૨૦૧૮ થી યુનિટના વપરાશમાં વધારો જણાવેલ છે તથા મીટરમાં કોઇપણ જાતની ખામી જણાતી નથી તથા અરજદારશ્રી દ્વારા છેલ્લે તા. ૦૮.૦૩.૨૦૧૮ ના રોજ રૂપિયા ૬૨૦/- ભરપાઈ કરેલ છે. ત્યારબાદ અરજદારશ્રી દ્વારા બીલની કોઇપણ રકમ ભરપાઈ કરેલ નથી જેના કારણે એરીયર્સ રૂપિયા ૧૪૪૮૩.૩૦ થઈ ગયેલ છે.

૩.૫ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા અરજદારશ્રીને ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં સાંભળતા અરજદાર દ્વારા કરવામાં આવેલ રજુઆતના આધારે તેઓને માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા યોગ્ય સમજ આપતાં અરજદારશ્રી તેઓ સાથે સહમત થયેલ છે.

૩.૬ આમ, અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ માંડવી ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાં તા. ૧૦/૦૬/૨૦૧૯ના રોજ સમાધાનપત્ર (પુરશીશ) આપવામાં આવેલ છે, તથા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૭ આમ, અરજદારશ્રીની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

PG-01-006-2019-20



Scanned by CamScanner

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner